જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૬/૨૦૧૫ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૧૯/૧૫**

**અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં પાર્ક કરેલ ફોર વીલ ગાડીઓના કાચ તોડી અંદરથી કિંમતી સરસામાન લેપટોપ, રોકડ રકમ વિગેરેની ચોરી કરનાર છારા ગેંગના ચાર ઇસમોને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ સુચના આપેલ જેથી પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી. રોજીયા તથા પોલીસ સબ ઇસ્પેકટર એસ.બી. ઝાલા, તથા એસ.એન.દેસાઇ તથા આર.આઇ.જાડેજા તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન નાના ચીલોડા જુના ઓક્ટ્રોય નાકા સામે રોડ ઉપરથી આરોપી **(૧) રીતેષ ઉર્ફે અંધા S/O કુલચંદ જાતે ગારંગે (છારા) ઉવ.૨૭** રહે.માચીસ ગલી કુબેરનગર સરદારનગર **(૨) નરેશ S/O અરજણદાસ જાતે ફગનાની (સીન્ધી) ઉવ.૩૮** રહે.ઘર નં.૨૫૯ કુબેરનગર એ વોર્ડ **(૩) પિન્કેશ S/O ધીરસિંગ જાતે માછરેકર (છારા) ઉવ.૩૭** રહે.માચીસ ગલી કુબેરનગર **(૪) અજય S/O ગણેશ જાતે ઇન્દ્રેકર (છારા) ઉવ.૨૭** રહે.ફ્રી કોલોની છારાનગર કુબેરનગર નાઓને ચોરીના મુદામાલ જુદી જુદી કંપની લેપટોપ નંગ-૬ તથા સોનાની વીટી તથા ઓટોરીક્ષા મળી કુલ્લે **કિ.રૂ.૨,૪૮,૫૦૦/-** ના મુદામાલ સાથે પકડી અટક કરવામા આવેલ છે.

પકડાયેલ ચારેય આરોપીઓ અગાઉ નદીપારના વિસ્તારોમા ફોરવીલ ગાડીઓના કાચ તોડી ચોરી કરવાના ગુન્હાઓમા પકડાયેલ છે. સદર આરોપીઓ ઓટોરીક્ષા લઇ નિકળી અમદાવાદશહેરમા મોલ કે પાર્ટી પ્લોટ કે પાકિગવાળી જગ્યાએ પાર્ક કરેલ ફોરવીલ ગાડીઓ કે જેમા કિંમતી સરસામાન મુકેલ હોય તે ગાડીના કાચ તોડી ચોરી કરી ભાગી જતા હતા આ રીતે આરોપીઓ મોડેન્સ ઓપરેન્સી ધરાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

આ પ્રકારે છેલ્લા ત્રણ માસમા નીચે મુજબના ગુન્હાઓ આચરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) મણીનગર વલ્લભવાડી પાસે બેંક્ની સામે (૨) વસ્ત્રાપુર બોડકદેવ પ્લેટીનીયમ પ્લાઝા (૩) ઓઢવ રીગરોડ શબરી હોટ્લ પાસે (૪) આનંદનગર સચીન ટાવર પાસે (૫) મીરા અંબીકા રોડ નારણપુરા (૬) આનંદનગર ધનંજ્ય ટાવર સામેના બંગ્લાની દીવાલ પાસે (૭) રામોલ માધવ હોટલ સામે રીગરોડ પાસે (૮) આનંદનગર ધનંજ્ય ટાવર સામેના બંગ્લાની દીવાલ પાસે (૯) સોલા સુકન મોલ સામે આવેલ સુદરમ આર્કેડ કોમ્પલેક્ષના પાકીગમા (૧૦) સાર્થક બંગ્લોઝ ન્યુ શ્રીજી રોડ ચાંદ્ખેડા (૧૧) વસ્ત્રાપુર થલતેજ પીવીઆર સીનેમા પાસે હોન્ડા લેન્ડ માર્ક પાસે (૧૨) ચાંદખેડા સંગાથ સિલ્વર ફ્લેટના કોટ પાસે (૧૩) ચાંદખેડા ગ્વાલીયા સ્વીટ માર્ટ દુકાન સામે (૧૪) એસ.જી.હાઇવે ઓડી ગાડીના શો રુમ પાસે (૧૫) થલતેજ થી શીલજવાળા રોડ ઉપર પટીયાલા પંગત હોટ્લ (૧૬) વસ્ત્રાપુર આઇપીવાય ટાવર સામે રોડ ઉપર (૧૭) સોલા સાયન્સરીટી રોડ રીલાયન્સ મોલ પાસે (૧૮) મોટેરા ગામ સામે રીગરોડ ઉપર આવેલ અઘોરા મોલ સામે

**<u>કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીના ગુનામાં તથા કાલુપુર રેલ્વે પો.સ્ટે. માં થયેલ ચેન સ્નેચીંગ ના ગુનામાં આરોપીઓને પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.</u>**

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર એચ.એ.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ મિલકત સબંધી ગુનાઓ શોધવા માટે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે, કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ રૂ. ૫,૮૦,૦૦૦/- ની ઘરફોડ ચોરીના ગુનાના કામે આરોપી આસીફખાન @ ગાંડી ફરીદખાન પઠાણ ઉ.વ. ૨૩ રહે. સુફીનગર, ગલી નં.૨,સોનીનુ ખેતર, ઇસનપુર પો.સ્ટે.ની સામે, ઇસનપુર,અમદાવાદ શહેર નાને ઘરફોડ ચોરીના કામે ચોરીમાં ગયેલ સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન-૧ તથા સોની કંપનીનો ડીજીટલ કેમેરો-૧ સાથે પકડી અટક કરવામાં આવેલ છે.

આરોપી મોહંમદકલીમ અકબરખાન પઠાણ ઉ.વ. ૨૩ રહે. મ.નં. ૧૫૪૦ રસુલાબાદ, ઉર્દુ સ્કુલની સામે, મુસામીંયાની ચાલી,શાહઆલમ અમદાવાદ નાએ આજથી આશરે બે માસ અગાઉ કાલુપુર રેલ્વે સ્ટેશન ખાતેથી ચાલુ ટ્રેને ફરીયાદી બહેનના ગળામાંથી ચેન ખેંચી ઉતરી ગયેલ જેને મુદ્દામાલ સોનાની ચેન સાથે પકડી અટક કરવામા આવેલ છે.

સદરી આરોપીઓની પુછપરછ દરમ્યાન આરોપીઓએ તા. ૦૯/૦૬/૨૦૧૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં મારામારી કરેલ જે ગુનામાં પોતે તથા પોતાનો મિત્ર મોહંમદકલીમ વોન્ટેડ હોવાની કબુલાત કરેલ છે. જે અંગે વટવા પો.સ્ટે. ખાતે ફ.ગુ.ર.નં.૧૫૬/૧૫ ઇપીકો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## દીયોદર પોલીસ સ્ટેશન જી. બનાસકાંઠા ખાતે  થયેલ લુંટના ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેક્ટર એચ.એ.રાઠોડ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.શ્રી જે.એમ.જાડેજા નાઓ ડી.સી.બી.પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬૨/૧૫ ઇપીકો કલમ ૩૯૯,૪૦૨,૧૨૦(બી) તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧) બીએ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામે આરોપી પ્રવિણસિંહ હુકમસિંહ વાઘેલા ઉ.વ. ૩૩ રહે ગામ જાલોઢા તા. દીયોદર જી.બનાસકાંઠા નાઓને રીમાન્ડ દરમ્યાન પુછપરછ કરતા જણાવેલ કે, આજથી પંદરેક દિવસ પહેલા ગામ જાલોઢા તા. દીયોદર ખાતે દુધમંડળીના કર્મચારીઓને ઝાયલો ગાડીમા આવેલ ચાર માણસોએ રોકી રૂ. સાડા બાર લાખની રોકડ રકમની લુંટ કરેલ જેની ટીપ સદરી આરોપીએ આપેલ. સદરી આરોપીએ દેવાભાઇ રબારી નામના માણસને આજથી આઠેક માસ અગાઉ આ દુધ મંડળીના કર્મચારીઓ કઇ રીતે ,કયા રસ્તે. ક્યા સમયે અને કેટલા માણસો જાય છે તેની સંપૂર્ણ માહીતી આપેલ અને ત્યારબાદ ત્રણેક વખત રૂબરૂ બોલાવી માણસો બતાવેલ. જે અંગે દીયોદર પો.સ્ટે. ખાતે લુંટનો ગુનો દાખલ થયેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,  
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.  
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)